# ઈન્ફોસીટી રોડનું 'દમ' કલ્ચર શહેરમાં ઘુસ્યુ

## ઘ-૧ પાસે ગાંજાનો 'દમ' મારી રહેલા પાંચ મિત્રો જાહેરમાં બાખડ્યા..!

**રાત્રે સિગારેટમાં ગાંજો ભરાવીને પાંચ મિત્રો ખુલ્લેઆમ 'દમ' મારી રહ્યા હતા : એક મિત્રએ બે 'કસ' વધુ ખેંચી લેતા ધમાલ થઈ : ટોળુ એકત્ર થતા પાંચેય ભાગી ગયા**

ગાંધીનગર, તા. ૧૪

ઈન્ફોસીટીથી કુડાસણ રોડ અને રાયસણ પાસે બનેલા નોલેજ કોરીડોર આસપાસ હાઈપ્રોફાઈલ યુવક-યુવતીઓ દ્વારા ગાંજાના 'દમ' મારવા સાવ સામાન્ય બાબત થઈ ગઈ છે. જો કે હજુ સુધી પોલીસ એકેય ગાંજો વેચનાર કે લાવનાર અને પીનારને પકડી શકી નથી. ઈન્ફોસીટી રોડનું 'દમ' કલ્ચર તો સહજ બની જ ગયુ છે પરંતુ આ કલ્ચર હવે ગાંધીનગર શહેરમાં પ્રવેશી ગયુ છે..! સે. ૧ના તળાવ પાસે રાત્રીના સમયગાળામાં ગાંજાના દમ વાગતા હોવાની અનેક ફરીયાદો છે. ગઈકાલે રાત્રે તો ઘ-૧ સર્કલ પાસે પાંચ નબીરા મિત્રો ખુલ્લેઆમ ગાંજાના દમ મારી રહ્યા હતા અને જાહેરમાં જ બાખડી પડ્યા હતા.

નબીરાઓ પોતપોતાના વાહનો લઈને ત્યાંથી ભાગી ગયા હતા.

સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે રાત્રે સાડાદસ વાગ્યાના અરસામાં ઘ-૧ સર્કલ પાસે ખુલ્લામાં પાંચ નબીરાઓ ટોળુ ભેગુ થવા લાગ્યુ એટલે પકડાઈ જવાના ડરથી પાંચે સિગારેટનો દમ મારી રહ્યા હતા. પરંતુ આ સિગારેટ કાંઈક અલગ હતી. સિગારેટમાં ગાંજો ભરાવીને તેના દમ મારી રહ્યા હતા. પાંચમાંથી એક મિત્રએ બે કસ વધુ ખેંચ્યા એટલે બીજા એક મિત્રને ના ગમ્યુ, તેં... બે કસ વધુ કેમ ખેંચ્યા તેમ કહીને ગાળાગાળી શરૂ કરી દીધી. ગાળાગાળી થયા બાદ અંતે મિત્રો દુશ્મન બની ગયા અને નશામાં બંને હાથાપાઈ ઉપર ઉતરી આવ્યા હતાં. બુમાબુમ શરૂ થઈ જતા ટોળુ આ સ્થળે ભેગુ થવા લાગ્યુ એટલે પાંચેય નબીરાઓ પકડાઈ જવાના ડરે સ્થળ છોડી પોતપોતાના વાહનો લઈને રફુચક્કર થઈ ગયા હોવાની ઘટના બની હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે.



ઈન્ફોસિટી સ્કૂલના ટેકવાન્ડો રમતના ખેલાડીઓએ આણંદ ખાતે યોજાયેલ નેશનલ ટેરકવાન્ડો ચેમ્પિયનશીપમાં ભાગ લઈ ૨ ગોલ્ડમેડલ તથા ૧ બ્રોન્ઝ મેડલ્સ જીત્યા છે. આ સ્પર્ધામાં સ્વયંમ પટેલ અને જૈનિશ પટેલે ગોલ્ડ મેડલ્સ તેમજ કર્મ પાંચોટીયાએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે. શાળાના તમામ ખેલાડીઓના ચીફ કોચ જતીન દવે તેમજ કોચ અજય જાડેજા સહિત શાળા સંચાલકોએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા.

# ન્યું સરગાસણ વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ : નાગરીકો હેરાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે. તો બીજી તરફ ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં પણ રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. માર્ગ પર અડીંગો જમાવીને બેસી રહેતી ઢોર ન ખસતા હોવાથી વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે માર્ગ વચાળે અચાનક ઢોર આવી ચડતા ટુ-વ્હીલર ચાલકો સાથે અથડાતા નાગરીકોને શરીરી નાની મોટી ઈજા પહોંચે છે.

સમગ્ર ગુજરાતની સાથે ગાંધીનગરનો પણ રોકેટ ગતિએ વિકાસ થતા શહેર જેવડું બીજું નગર ઉભુ થવા પામ્યું છે. શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ તો યથાવત છે. તો બીજીતરફ હવે આ સમસ્યાથી ન્યું સરગાસણ વિસ્તારના રહીશો પણ પીડાઈ રહ્યા છે. ન્યું સરગાસણ વિસ્તારમાં સોસાયટી, ફલેટ, બંગ્લોઝ સહિતની અનેક સ્કીમ કાર્યરત છે. વિવિધ સોસાયટીમાં હજજારો નાગરીકો વસવાટ કરે છે. ત્યારે સરગાસણ વિસ્તારમાં રખડતા ઢોરને પગલે વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. માર્ગ પર અડીંગો જમાવીને બેસતા ઢોર ઉભુ થવાનું નામ લેતા નથી. જયારે અચાનક માર્ગ વચાળે આવી જતા વાહન ચાલકો સાથે અકસ્માત નોતરતા બાઈક ચાલકોને ઈજા પહોંચી હોવાના કિસ્સા પણ ધ્યાને આવ્યા છે. ન્યું સરગાસણ વિસ્તારમાં કોઈપણ માર્ગ પર નજર નાંખો ત્યાં રખડતા ઢોર જોવા મળે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા ન્યું સરગાસણ વિસ્તારની સોસાયટીઓમાંથી રખડતા ઢોરને પકડી લેવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### જી.ઈ.બી. એન્જિનીયર્સ એસોસિએશન દ્વારા

# સત્યાગ્રહ છાવણી ખાતે પડતર પ્રશ્નો અંગે પ્રતિક ધરણાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં આવેલી વિજ કંપનીઓમાં ફરજ બજાવતા ઈજનેરોએ અવારનવાર પગાર સુધારણાની ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા છતા તે અંગે કોઈ નિર્ણય લેવામાં ન આવતા ઈજનેરોમાં રોષ ભભુકી ઉઠયો છે. ત્યારે આજે જી.ઈ.બી.ની વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા ઈજનેરો ગમે તે પરિસ્થિતિમાં કામગીરીનું સંચાલન કરીને છેવાડાના ઘર સુધી વિજ પુરવઠો પુરુ પાડે છે. ત્યારે નિયમો મુજબ મળવાપાત્ર લાભ અંગે જી.ઈ.બી. એન્જીનીયર્સ એસોસીએશન દ્વારા ગુજરાત ઉર્જા આવે, ઉપરાંત પોસ્ટ રીટાયર્ડમેન્ટ મેડીકલ બેનીફીટ સ્કીમ મંજુર કરી ઈ.એલ. એન્કેસમેન્ટ ચાલુ કરવા અને ઈ.એલ.જમા કરવાની મર્યાદા વધારવા તથા પેન્શન યોજના લાગુ કરવા જેવા પડતર પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે તા.૭ માર્ચથી ઈજનેરો ગાંધી ચિંધ્યામાર્ગથી



જુનિયર ઈજનેર થી ચીફ ઈજનેર સુધીના તમામના સમગ્ર પગારના રીવીઝન અને નવા પગાર ધોરણ મંજુર કરવા અંગે પણ રજુઆતો કરાઈ હતી. છતા પણ જીબીયાના વર્ષોથી પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ઈજનેરોએ શહેરની સેકટર-૬ ખાતે આવેલ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ કરીને સરકાર સામે મોરચો માંડયો છે. આ પ્રતિક ઉપવાસમાં રાજયભરમાંથી એક હજારથી વધુ ઈજનેરો એકઠા થયા હતા.

સમગ્ર ગુજરાતમાં વિજ પુરવઠાનું વિતરણ કરતી વીજ નિગમ લી.ની પગાર સુધારણા અંગે અનેકવાર રજુઆતો તેમજ બેઠકો કરવા છતા આજદિન સુધી કોઈ નિકાલ આવ્યો નથી. જેને પગલે એસોસિએશન દ્વારા નિગમને હડતાલની નોટીસ આપવામાં આવી હતી. જેમાં નવા પગાર પંચને અનુસરીને સમગ્ર પગાર સુધારણા તથા એલાઉન્સના લાભો મંજુર કરવામાં આવે, ઉપરાંત નિવૃતિ વય મર્યાદા ૬૦ વર્ષ કરવાની સાથેસાથે પાનેન્દ્રો પાવર હાઉસને મળતા વિશેષ હાયર ગ્રેડ પુનઃસ્થાપિત કરવા તેમજ શીફટ એલાઉન્સ આપવાની જોગવાઈ કરવામાં લડતનો પ્રારંભ કર્યો છે. તેવું એસોસિએશનના વાઈસ ચેરમેન વિરભદ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે તંત્ર દ્વારા તે બાબતે કોઈ નિર્ણય લેવામાં નહીં આવતા શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે સમગ્ર ગુજરાતમાંથી એક હજાર જેટલા ઈજનેરો એકઠા થયા હતા અને પ્રતિક ઉપવાસ કરીને વિરોધ પ્રગટ કર્યો હતો. હજુ પણ પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો તા.૨૦ માર્ચના રોજ માસ સીએલ પર ઈજનેરો ઉતરશે તેમજ ત્યારબાદ તા.૨૬ માર્ચથી અચોક્કસ મુદતની હડતાલ પર જશે તેવી ચિમકી ઈજનેરો ઉચ્ચારી છે.

# ગાંધીનગરના અતુલ જોષી સીંગીગ કોમ્પિટીશનની ફાઈલમાં પ્રવેશ્યા



સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત સીંગીંગ કોમ્પિટીશનમાં ગાંધીનગરના અતુલભાઈ રતિલાલભાઈ જોષીએ ભાગ લીધો હતો. જેમની પસંદગી ફાઈનલ સ્પર્ધા માટે થતા શહેરના બ્રહ્મબંધુઓમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ સ્પર્ધાની ફાઈનલ આગામી તા. ૨૮મી માર્ચે અમદાવાદના રીવરફ્રન્ટ ખાતે યોજાશે.

# પોલીસ કોન્સ્ટેબલ અને તલાટીની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માંગ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજય સરકાર તરફથી પોલીસ વિભાગમાં ખાલી પડેલી કોન્સ્ટેબલની જગ્યાઓ ભરવા હિલચાલ થઈ રહી છે. સરકાર જરૂરીયાત કર્તા ઓછી જગ્યાઓ ભરવા ઈચ્છી રહી છે. ઓછી ભરતી સામે યુવાનોમાં રોષ ઉભો થયો છે. સરકાર લાખો યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખી યુવાનોના હિતમાં નિર્ણય લઈ સત્વરે પુરતી સંખ્યામાં ભરતી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગુજરાત પોલીસતંત્રમાં કર્મચારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે. જેની સામે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં પુરતો સ્ટાફ ભરવા ખાતરી આપી છે. માહિતી પ્રમાણે અંદાજે ૧૫૦૦૦ જેટલી લોકરક્ષકની જગ્યાઓ ભરી શકાય તેમ છે તેમ છતાં સરકાર ૫૩૦૦ જ કોન્સ્ટેબલની ભરતી કરવા હિલચાલ કરી રહી છે. બીજી તરફ તલાટીઓની પણ જરૂરીયાત કરતા ઓછી જગ્યાઓ ભરવા તખતો તૈયાર કરી રહી છે. પરિણામે સરકાર કોન્સ્ટેબલ અને તલાટીની ભરતીમાં જરૂરીયાત મુજબની જગ્યાઓ ભરવા કાર્યવાહી કરી જરૂરિયાતમંદ અને યુવાધનને પુરતા પ્રમાણમાં રોજગારી આપવામાં આવે તેવી માંગ કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના પ્રમુખ રમજુભા જાડેજા કરી રહ્યા છે.

# સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓનો ઉનાવા ખાતે સાત દિવસીય કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓનો સાત દિવસીય કેમ્પ ગત તા. ૬ઠ્ઠી માર્ચથી ૧૨મી માર્ચ ૨૦૧૮ દરમિયાન ગાંધીનગર નજીક ઉનાવા ગામ ખાતે યોજાયો હતો. આ કેમ્પ અંતર્ગત, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ ઉનાવા ગામનો આર્થિક-સામાજિક સર્વે કર્યો હતો. તેમજ શરીર સ્વસ્થતા, ગાંધી વિચાર, યોગ દ્વારા નિરોગી જીવન વગેરે વિષયો ઉપર વ્યાખ્યાન યોજાયા હતા.

સાથે સાથે ઉનાવા ગામના સ્વતંત્ર સેનાની બકોરભાઈ દ્વારા રાષ્ટ્ર ભાવના જાગ્રુત કરવા માટે વિશેષ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું તેમજ સાત દિવસીય કેમ્પ અંતર્ગત સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાતના એનએસએસના વિદ્યાર્થીઓનો અને ગામની શાળા મહાશાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કેમ્પનું સમાપન ૧૨ માર્ચ એન.એસ.એસ.ના સ્વયંસેવક અને વિદ્યાર્થી આશ્રમ ઉનાવાના વિદ્યાર્થી સાથે સમગ્ર ગામની અંદર બેટી બચાવો અને પર્યાવરણ બચાઓની સામાજિક જાગૃતિ રેલી કાઢીને કેમ્પનું સમાપન કરવામાં આવ્યું હતું.

# નોર્થ ઈન્ડિયા બૉડી બિલ્ડીંગમાં વાવોલની મહિલાએ તૃતીય સ્થાન મેળવ્યુ



દિલ્હી બૉડી બિલ્ડીંગ ફિટનેસ એસોસિએશન સંલગ્ન મેક્સ જીપ દ્વારા આયોજિત મિ. નોર્થ ઈન્ડિયા બૉડી બિલ્ડીંગ ચેમ્પિયનશીપ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના વાવોલના એડવાન્સ ફિટનેસ સેન્ટરના માલિક ભૂમિકા પટેલે ભાગ લઈ વુમન્સ ફિઝિક્સની ૫૫ થી ૬૦ કિ.ગ્રા. કેટેગરીમાં તૃતીય સ્થાન હાંસલ કર્યું હતું. આ સ્પર્ધામાં તેમના ફિઝિકલ ટ્રેનર ખેમરાજ થાપા સાથે ગયા હતા.

# સે. ૨ પ્રાથમિક શાળાનો રમતોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આ રમોત્સવમાં બાળકોએ લાંબીકૂદ, લીંબુચમચી, કોથળાદોડ, ફૂલરેકેટ, દોરડાં કૂદ, કબડ્ડી તથા કરાટે સ્પેશિયલ કોર્સ જેવી રમતોનો આનંદ માણ્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેક્ટર-૨ ખાતેની સરકારી પ્રાથમિક શાળામાં તાજેતરમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત તથા શાળાના આચાર્યા માયાબેનો ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

વિદ્યાર્થીઓને જીવનમાં રમતગમતનું મહત્વ સમજાય તથા તેના થકી તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે તે હેતુથી આ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના ખેલ કૌશલ્ય પ્રતિભાના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ વસંતભાઈ, વિનોદભાઈ દવે, મેહુલ સોલંકી, સોમાભાઈ પટેલ, પી.કે. ભાવસાર, જયંતિભાઈ પટેલ, અનુપમભાઈ શાહ તથા અશોકભાઈ વગેરેએ હાજરી આપી હતી. રમતોત્સવમાં વિજેતા બાળકોને શાળાના આગામી કાર્યક્રમમાં ઈનામો થકી સન્માનવામાં આવશે.

## બેસણું

સ્વ. કલાબેન રમેશચંદ્ર શાહનું બેસણું શંખેશ્વર પાશ્વનાથ જૈન દેરાસર કમ્પાઉન્ડ, સે. ૨૨ ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન રાખેલ છે.

## જાહેર નિવિદા

પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુ.રા. ગાંધીનગરની કચેરી માટે જી.પી.એસ. ટ્રેકર્સ નંગ-૧૨ તથા પ્રોજેક્ટર્સની સ્કીન નંગ-૧૨ ખરીદ કરવાના હોય રસ ધરાવતી સંસ્થાઓ / પેઢીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. ખરીદ કરવા માટે આઈટમો તથા ટેન્ડરોની શરતો દર્શાવતું ફોર્મ અત્રેની કચેરીના ચાલુ કામકાજના દિવસોએ બપોરના ત્રણ થી પાંચ વાગ્યે તા. ૧૫/૩/૨૦૧૮ થી તા. ૨૧/૩/૨૦૧૮ સુધીમાં કેશીયર પાસેથી રૂ. ૧૦૦/- જમા કરાવી રજી-૨ શાખામાંથી મેળવી તા. ૨૮/૩/૨૦૧૮ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**નાયબ પોલીસ મહાનિદેશક (ક્રા-૧)ના હુકમથી**
**ક્રમાંક : રજી-૨/ /૨૦૧૮**

**સહી/-**
**નાયબ વહીવટી અધિકારી**
**સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ**
**ગુ.રા. ગાંધીનગર**

**માહિતી/૨૯૪૭/૧૭-૧૮**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# જાગો ગ્રાહક જાગો

## ગ્રાહક જાગૃતિ અભિયાન

## "વિશ્વ ગ્રાહક દિન"

### ૧૫મી માર્ચ ૨૦૧૮

## "ડિજીટલ બજારોને ન્યાયી અને પ્રમાણિક સ્થળો બનાવીએ"

### ગ્રાહકના અધિકારો

- ✓ સલામતીનો
- ✓ માહિતી મેળવવાનો
- ✓ પસંદગીનો
- ✓ ફરિયાદ કરવાનો
- ✓ વળતર મેળવવાનો
- ✓ શિક્ષણ મેળવવાનો

### ગ્રાહકોની ફરજો

- ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવી તે ગુનો બને છે
- બિલ-રસીદ લેવાનો આગ્રહ રાખો
- વજન-માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને ખરીદો
- એગમાર્ક, એફપીઓ અને એચએસીસીપી માર્કાવાળા ખાદ્યપદાર્થો ખરીદવાનો આગ્રહ રાખવો
- હોલમાર્કવાળા આભૂષણો/ઝવેરાત/દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો
- આપના સંબંધિત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરો
- ખરીદીમાં છેતરપિંડી થઈ હોય, અપૂરતી સેવા મળી હોય તો, માન્ય ગ્રાહક મંડળો અથવા જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી (કલેક્ટર કચેરી) ના અથવા મદદનીશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અથવા તાલુકામાં મામલતદારશ્રી અથવા નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક બીજો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવો. ફોનઃ ૦૭૯ ૨૩૨૧૦૦૧૫

## આ સમય છે..... ગ્રાહક જાગૃતિ કેળવવાનો

અધિકારો અંગે સજાગ બનો અને ઉપાયોનો લાભ લો

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર**
**સ્ટેટ કન્ઝયુમર હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ (ટોલ ફ્રી)**